સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

કરીએં યાદ મલાઈની મટકી તોડી ને!
બનાવીએં સત્તા-ટોળકી સભ્યોને ફોડી ને!
જોડીને ગોપીઓના વસ્ત્રાહરણની સીડી -
ઉજવીએં આઠમ, જેલમાં પણ, દોડીને...

હાઈકુ

સોપારી લઈ
કાળીનાગ માથાંની -
રમે જુગટું...
(અપરાધી કરણ)

સ્નેહ સંબંધે
રમે છે રાસલીલા -
માયાવી કાના...
(રંગીન ચરિત્ર)

ચિંતન

ચિત્તસ્ય શુદ્ધયે કર્મ ન તુ વસ્તૂપલબ્ધયે ।
વસ્તુસિદ્ધિર્વિચારેણ ન કિન્ચિત્ કર્મકોટિભિઃ ॥

ઉપરોક્ત શ્લોક આત્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

કર્મ ચિત્તની શુદ્ધિ માટે છે પણ વસ્તુની ઉપલબ્ધિ (જ્ઞાન) માટે નથી. આત્મજ્ઞાન નથી રૂપી વસ્તુની સિદ્ધિ તો વિચારથી થાય, કાંઈ કરોડો કર્મથી પણ ન થાય.

કર્મ-ક્રિયાકાંડ હોમ-હવનથી ચિત્ત શુદ્ધિ થાય છે એના પરિણામે ભક્તિ-શ્રદ્ધા અને વિશ્વાસમાં વધારો થાય આસપાસનું વાતાવરણ પણ શુદ્ધ પવિત્ર થાય છે.

જ્ઞાન તો ચિંતન અને મનન, વિચાર અને વાચન, સત્સંગ દ્વારા જ થાય છે.

સુવિચાર

- પોતાને મનુષ્ય બનાવવાનો પ્રયત્ન કરો, જો એમાં સફળ થઈ ગયા, તો દરેક કામમાં સફળતા મળશે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈશ્વર મેં આસ્થા હૈ તો ઉલઝનોં મેં ભી રાસ્તા હૈ - **અલ્તાફ પટેલ**
- સન્માનથી હર્ષ, અપમાનથી ક્રોધિત થતો નથી તે જ સાચો સાધુ છે - **આપ્તસૂત્ર**
- જાગૃતિ, સાવધાની અને સાવચેતી આપણે જ પ્રગટાવવી પડે છે - **સંત રોબિન**
- કર્મ સાથે લડવા શૂરવીર બનો - **નેષધ દેરાશ્રી**
- 'કેળવણી' એટલે શીલનું ઘડતર એ વાવેતર, તો શીલવાન જ કરી શકે શીલની સરળ ટૂંકી વ્યાખ્યા એટલે નિર્ભેળ ને નિશેષ માણસાઈ - **મનુભાઈ પંચોળી**
- આજનું ઔષધ : સફેદ ડાઘ અને બીજા ચામડીના રોગમાં મેંદીના પાંદડા સવાર-સાંજ તાસીર મુજબ ખાવાથી તથા પીસીને લગાવવાથી રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

રાજા કૃષ્ણદેવ રાણી સાથે બગીચામાં ફરવા નીકળ્યા હતા. વાતમાંથી વાત તેનાલી રામની નીકળી. રાજા એ કહ્યું, 'મહારાણી, આ તેનાલી રામ જેવું ચતુર આપણા દરબારમાં કોઈ નથી. આજ સુધી તેને કોઈ હરાવી શક્યું નથી.' આવું સાંભળી રાણીએ કહ્યું, 'આવતીકાલે બપોરના ભોજન માટે તેનાલી રામને આપણે ત્યાં બોલાવો, હું તેનાલી રામ ને જરૂરથી હરાવી દઈશ.' રાજાએ સંદેશો કહેવડાવ્યો. બીજે દિવસે રાણીએ સરસ પકવાન જાતે બનાવ્યા. અને રાજા, રાણી અને તેનાલી રામ સાથે જમવા બેઠો. તેનાલી રામે કહ્યું, 'આજના જેવું ઉત્તમ ભોજન મેં કદી ખાધું નથી,' રાણી બોલ્યા, 'તેનાલી રામ, એટલું કહો કે રાજા મોટા છે કે હું ?' તેનાલી રામને ધર્મસંકટ ઊભું થયું. રાજા-રાણી બેઉ તેનાલી રામ સામે જોઈ રહ્યા. અચાનક તેનાલી રામ જમવાની બેઠક ઉપરથી ઊભા થયા. એણે સૌ પ્રથમ ધરતીને પ્રણામ કર્યા અને પછી આકાશને વંદન કર્યા. અને ત્યારબાદ એકાએક જમીન પર પડી ગયાં. રાણીએ ગભરાઈને કહ્યું, 'અરે તેનાલી રામ આ શું ?' તેનાલી રામ ઊભોથયો અને કહ્યું, 'મહારાણી આપ મારા માટે ધરતી છો. રાજા આકાશ છે. બંનેમાંથી કોને નાના અને કોને મોટા કહું?' રાણીએ કહ્યું, 'સાચે જ તમે ચતુર છો. તેનાલી રામ, મને જીતાડી પણ તમે તો હારીને જીતી ગયા.'

સંભવામી યુગે યુગે...

તંત્રીસ્થાનેથી...

જગતના કોઈ પણ મહાકાવ્યમાં કૃષ્ણની તોલે આવી શકે એવો મહાનાયક નથી મળતો. કૃષ્ણનો અર્થ જ પોતાની અભૂતપૂર્વ પ્રતિભાના જોરે સમસ્ત બ્રહ્માંડને પોતાની તરફ ખેંચનાર થાય છે. આ આકર્ષણ એમના પૂર્વે થયેલા ભગવાન રામચંદ્રના ચરિત્રમાં પણ નથી કે નથી એમના પછીના યુગોમાં જન્મેલા બુદ્ધ-મહાવીર-મહંમદ કે ગાંધીમાં. આમ કૃષ્ણ એ ન ભૂતો ન ભવિષ્યતી જેવી એક ઘટના છે, જેને સમીક્ષકોએ સોળે કળાએ ખીલી ઊઠેલી દિવ્ય પ્રતિભા સ્વરૂપે સ્વીકારેલ છે. આમ જુઓ તો કેવું સંઘર્ષપૂર્ણ જીવન છે આ સદાબહાર - 'એવરગ્રીન ઈંડિયન ગોડ' નું? એ દેવકીની કૂખે આઠમા બાળક તરીકે જન્મે છે. ઘોર અંધારી મેઘલી રાતે કંસના કારાગારમાં જન્મેલા એ બાળકને બચાવવા માટે પિતા વસુદેવ જીવનું જોખમ ખેડી યમુનામાં ધસમસતાં વહેણ ઓળંગી સામે કિનારે આવેલ નંદબાવાના નેસ ભણી પ્રયાણ કરે છે. યોગમાયા કારાગારનો ચોકીપહેરો કરનારા સિપાઈઓને નીંદરમાં નાખી દઈ પિતા વસુદેવને પુત્ર સહિત બહાર નીકળી જવાનું અનુકૂળતા કરી આપે, યમુના પણ માર્ગ આપી દે, શેષનાગ છત્રછાયા કરે એ બધી બાબતો વૈજ્ઞાનિક સંદર્ભે ન સમજાવી શકાતી હોય તો પણ એમાં એક ભવ્યાતિભવ્ય પ્રતિભાના રક્ષણ માટે પ્રકૃતિ કેટલી અનુકૂળ થઈ જતી હોય છે એનો કાવ્યાત્મક સંદેશ છુપાવેલો છે. કૃષ્ણ જન્મીને માતા દેવકીનું તો સ્તનપાન સુધ્ધાં નથી કરી શક્યા. તે જ રીતે પાલક માતાપિતા કે ચિરંતન પ્રેયસી રાધા સાથે માત્ર અગિયાર વરસની વય સુધી જ રહ્યા છે. આમ છતાં એમના સવાસો વર્ષના અવતારી જીવનકાર્ય દરમિયાન એ કેવા વિશિષ્ટ સીમાસ્તંભો સ્થાપિત કરી શક્યા છે! પોતાને ચાહનાર માટે કૃષ્ણ ગમે તેવાં જોખમી સાહસો ખેડ્યાં છે. એ સાક્ષાત્ પ્રેમાવતાર છે. પછી પ્રેમનો પુરસ્કાર કર્યા વિના રહી શકે ખરાં ? એમને પોતે ગાંધર્વ લગ્નો કર્યાં છે અને જોડે રહીને સખા અર્જુન પાસે ભગિની સુભદ્રાનું હરણ કરાવ્યું છે. દુશ્મન ગણનારા દુર્યોધનની પુત્રી લક્ષ્મણાને પ્રેમાળ પુત્રવધુ તરીકે સ્વીકારી છે. સોળ હજાર રાજકન્યાઓને નરકાસુરની કેદમાંથી છોડાવી પત્નીનો દરજ્જો આપી એક કયારેય ન તૂટી શકે એવો માનવતાવાદી વિશ્વવિક્રમ સ્થાપ્યો છે. હથિયાર ઉઠાવ્યા વિના ફક્ત બુદ્ધિના જોર પર પાંડવોને કુરુક્ષેત્રના યુદ્ધ મેદાનમાં મહાભારતનો સંગ્રામ જિતાડી આપ્યો છે. કૃષ્ણ વિશ્વના પહેલા સાઈકિયાટ્રિસ્ટ છે. વિષાદયોગમાં સરી પડેલા અર્જુનને એના અસલ સ્વરુપનું અને પોતાના વિરાટ સ્વરુપનું ભાન કરાવી યુદ્ધ કરવા પ્રેર્યો અને જિતાડ્યો. એ માટે જયાં જેવી જરૂર પડી એવી રાજનીતિ અને કૂટનીતિ પણ અપનાવી. આખરે વ્યાધના તીરથી વીંધાઈને પ્રાણ છોડ્યા ત્યારે આખેઆખા એક યુગનો અંત થયો છે. કૃષ્ણે ગુજરાતના સમુદ્રકાંઠે દ્વાપર યુગમાં સુવર્ણનગરી વસાવી હતી. એટલે ગુજરાતીઓને તો ગૌરવ હોવું જોઈએ કે વૈભવની પરાકાષ્ઠા છેક દ્વાપર યુગમાં સુવર્ણનગરી વસાવી હતી. એટલે ગુજરાતીઓને તો ગૌરવ હોવું જોઈએ કે વૈભવની પરાકાષ્ઠા છેક દ્વાપર યુગથી ચાલી આવી છે. સિદ્ધરાજ સોલંકીનો સુવર્ણકાળ કે મોદીનો વિકાસગાળો તો એની સરખામણીએ ઘણો જ વામળો લાગે. એના મહારથી - પરમેશ્વરસ્વરુપ શ્રીકૃષ્ણના જન્મદિવસે સૌને અંતઃકરણપૂર્વક જયશ્રી કૃષ્ણ!

શ્રીકૃષ્ણ સૌને ગમે

પ્રસંગસર
પી.એમ. પરમાર

શ્રીકૃષ્ણ સૌને ગમે. નાના બાળકો માટે બાળગોપાલ છે, મા જશોદાજી માટે એ નટખટ નાનુડો છે, નંદજીનો એ લાલો છે, એ ગાયોને ગેવાળ છે, ગોપીઓની મટુકી ફોડનારો માખણચોર છે, બાળમંડળીનો એ પ્રમુખ છે, રાધાજીના ચિત્તડાનો ચોર છે, ગોકુળવાસીઓ માટે ગોવર્ધનધારી, બાંકેબિહારી છે, દેવકીજીનો દુલાહો છે, વસુદેવ થકી એ વાસુદેવ છે. વસુદેવ સુતં દેવં, કંસ ચાણૂરમર્દન્; દેવકીપરમાનંદમ્ કૃષ્ણં વંદે જગદ્‌ગુરુમ્. જયશ્રીકૃષ્ણ.

દ્વારકા નગરીના એ દ્વારકાધીશ છે, ડાકોરમાં કોણ છે ? રાજા રણછોડ છે, શ્રીનાજીમાં એ સૌ વૈષ્ણવોના નાથ છે, શામળિયો શામળાજીની શાન છે, જગન્નાથપુરીમાં એ જગતના નાથ છે, મથુરામાં માનવીઓના પરમ ઉદ્ધારક છે, પ્રભાસપાટણનું ભાલકાતીર્થ છે પરમેશ્વરની મોક્ષનગરી છે. આપણે સૌ સાથે બોલીએ : હરે કૃષ્ણ ! હરે કૃષ્ણ ! કૃષ્ણ કૃષ્ણ હરે હરે ! ૐ નમો ભગવતે વાસુદેવાય.

દ્રૌપદીનાં એમણે ચીર પૂર્યાં તો ગોપીઓનાં ચીર હર્યાં. નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી. મીરાંબાઈનો ઝેરનો કટોરો અમૃતથી ભરી દીધો. ત્રિવકા દાસીના મનોરથ પૂર્ણ કર્યા. ભક્ત બોડાણાની ઈચ્છાને આધીન થયા અને નાકની વાળીએ તોલાયા. ટીંટોડીનાં ઈંડા ઉગાર્યા. એ તાંદુલની પોટલીએ રાજી થઈ ગયા, સુદામાને ન્યાલ કરી દીધા. મિત્રતાનો માઈલસ્ટોન રસી દીધો. વાંસળીના સૂર છેડી ગોપીઓને ઘેલી કરી. બે શાપિત રુદ્રો નલકૂબર અને મણિગ્રીવનો ઉદ્ધાર કર્યો. રૂકિમણીના પ્રેમનો સ્વીકાર કરી સ્ત્રીદાક્ષિણ્યનો પરચો બતાવ્યો. આઠ પટરાણીઓના પ્રેમાળ પતિ બની કોડ પૂરા કર્યા. ૐ માધવાય નમઃ

પૂતના, શકટાસુર, બકાસુર, ધેનુકાસુર, વ્યોમાસૂર, કેશીદૈત્ય, ચાણૂર, મુષ્ટિક, કંસ, કાળયવન, શતધન્વા, ભૌમાસુર, મુરદૈત્ય, કૈટભ, શિશુપાલ, શંબરાસુર, દંતવક્ર જેવા અનેક દુષ્ટો, દાનવોનો સંહાર કરી પરિત્રાણાય સાધુનામ, વિનાશાય ચ દુષ્કૃતામ્ - ગીતાવચન સાર્થક કરી બતાવ્યું. કુરુક્ષેત્રમાં એ અર્જુનના સારથિ બન્યા. કુશળ યોદ્ધાની અદાથી કુનેહપૂર્વક પાંડવોને જીત અપાવી. આ જ કુરુક્ષેત્રમાં આપણા ભારતનો વિશ્વમાં ડંકો વગાડે એવો શ્રીમદ્ ભગવદ્ ગીતા જેવો વૈશ્વિક ધર્મગ્રંથ બેટ ધર્યો, જેના વીણેલાં મોતીઓ રસાસ્વાદ માણીએ :

કર્મોમાં કુશળતા એ યોગ છે, મારો ભક્ત કદી નાશ પામતો નથી, પરધર્મ ભયાવહ, સંશયાત્મા વિનશ્યતિ, તારો કર્મમાં જ અધિકાર છે, ફળમાં નહિ. મનુષ્ય પોતે જ પોતાનો બંધુ છે અને શત્રુ પણ. જેનો જન્મ છે તેનું મૃત્યુ નિશ્ચિત છે અને જેનું મૃત્યુ છે તેનો જન્મ નક્કી છે, આત્મા અમર છે, પ્રસન્નચિત્તવાળાની બુદ્ધિ જલ્દી સ્થિર થાય છે. યોગક્ષેમં વહામ્યહમ્ - જેવાં શાસ્ત્રોક્ત, અનુભવસિદ્ધ સુવાક્યો સાતસો શ્લોકોમાં ઠેર ઠેર જોવા મળે છે. આ શ્લોકથી કોઈ ગીતાવાચક, ગીતાચાહક અજાણ હોઈ જ ન શકે : સર્વ ધર્માન પરિત્યજય, મામેકં શરણં વ્રજ;

અહં ત્વા સર્વપાપેભ્યો, મોક્ષયિષ્યામિ માશુચ.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ તત્ત્વચિંતનના તજજ્ઞ છે, એ કર્મયોગી છે, જ્ઞાની છે, યોગેશ્વર છે, યોદ્ધા છે, સારથિ છે, અર્જુનના પરમ સખા છે અને વિશ્વરૂપદર્શન યોગમાં સ્વયં ભગવાન છે. દ્રૌપદીના અંગત સખા છે, પાંડવોના પથદર્શક છે, ઉત્તમ વિષ્ટિકાર છે. પાંડવો અને કૌરવોની સભા હોય ત્યારે એક શ્રીકૃષ્ણ જ એક એવા માનવીય પૂજનીય હતા કે જેના સભાપ્રવેશ સમસ્ત સભાજનો ઊભા થઈ જેમનું ભવ્ય સ્વાગત સન્માનપૂર્વક કરતા. શ્રીકૃષ્ણઃ શરણં મમ બોલવું પડશે.

જન્મથી મૃત્યુ પર્યંત અપાર દુઃખો વચ્ચે એ જીવ્યા. શ્રીરામ રડ્યા છે પણ શ્રીકૃષ્ણ કયારેક રડ્યા નથી. શ્રીકૃષ્ણ સૌને ગમે છે એનું મુખ્ય કારણ એ છે કે એ સૌના છે. એ કાલીયાનાગને નાથી શકે છે, વાંસળી વગાડી જાણે છે તો વખત આવ્યે સુદર્શન પણ ચલાવી શકે છે. એ અગિયાર અક્ષૌહિણી સેના વચ્ચે ઊભા રહી શકે છે તો રાસલીલા પણ રમી શકે છે. એ ગાયો ય ચરાવે છે અને ટચલી આંગળીએ ગોવર્ધન પણ ઊંચકી શકે છે. એ માણક પણ ચોરે છે અને સ્યમંતકમણિના ચોરને પકડી પણ શકે છે. એક આમ્રવૃક્ષ ઉપર જેટલાં ફળો હોય છે તેથી અધિક સદ્‌ગુણોના માલિક શ્રીકૃષ્ણ છે. ૐ નમો નારાયણ

ગાય, ગાડું, ગુફા, ગોપ, ગોપી, ગોવાળ, ગોવાલણ, ગોકુળ, ગોઠડી, ગામડું, ગોવિંદ, ગેડીદડો, ગોવર્ધન, ગરૂડ, ગીતા, ગોરસ, ગોરજ જેવા મનભાવન શબ્દોના પ્રણેતા એવા સ્વયંપ્રભુ, કેશવ, કાળિયા ઠાકર, જનાર્દન, દામોદર, પુરુષોત્તમ, પરમેશ્વર, ઈશ્વર, ભગવાન મધુસૂદન, મુરારિ, વિઠ્ઠલ, શ્રીકૃષ્ણની જન્મજયંતિ છે ત્યારે આવો જયઘોષ કરીએ :

નંદ ઘેર આનંદ ભયો;
જય કન્હૈયા લાલકી.

શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે...

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

માર્ગ ભૂલેલા જીવન પથિકને માર્ગ
ચીંધવા ઊભો રહું
કરે ઉપેક્ષા એ મારગની તો ય
સમતા ચિત્ત ધરું
શુભ થાઓ આ સકળ વિશ્વનું
એવી ભાવના નિત્ય રહે...

- શ્રી 'ચિત્રભાનુ' મહારાજ

સ્ત્રી-પુરુષ સમાન બનીને આજે એકબીજા સાથે કદમ મિલાવી રહ્યા છે છતાં માત્ર ૨૦% પુરુષો પહેલાની માનસિકતામાંથી બહાર આવ્યા છે. એ જ રીતે સ્ત્રીને પણ પહેલા કરતા વધુ જવાબદારીઓ સંભાળવી પડે છે. અને આ તમામના પરિણામ સ્વરુપે ઘર-પરિવારનું તંત્ર થોડું ગરબડી ગયું છે. રસોડાની સ્થિતિમાં અને રાંધવાની ટેવોમાં ફેરફાર થતાં શારીરિક તકલીફો વધી છે. જો કે, આ બધાનો અર્થ સાવ એમ પણ નથી જ કે બધે બધું ખરાબ જ ચાલી રહ્યું છે. પરંતુ, આજે સમાજ, ઘર-પરિવાર, સંબંધો એ તમામ જે રીતે તાલમેલ સાધવાના પ્રયત્નો કરી રહ્યા છે. તેમાં ક્યાંક કોઈ કચાશ, કોઈ ઉણપ જરૂર વર્તાઈ રહી છે.

વાત જયારે કોઈ આખા સમૂહની થાય ત્યારે બધું જ સુધારવું અને બધું જ બરાબર કરી દેવું કોઈ એક વ્યક્તિના હાથની વાત હોતી જ નથી. માટે દરેક પરિવારે પોત-પોતાનું વિશ્લેષણ જાતે જ કરવું પડશે. બહાર જે ચાલી રહ્યું હોય તે પણ આપણે આપણી વ્યવસ્થાને કઈ રીતે પરફેક્ટ બનાવી શકીએ તે અંગે ઘરના બધા જ સભ્યોએ સાથે મળીને વિચાર કરવો પડશે. એક ઘરમાં રહેતા પરિવારના તમામ સભ્યો જો સાથે મળીને ચોક્કસ જળવાઈ રહે પરંતુ, આપણે ઑફિસમાં બોસનું અને ઘરમાં કામવાળાનું જતું કરી શકીએ છીએ પણ આપણી અંગત વ્યક્તિઓને સમજતા અને માફ કરતા ઘણું મોડું કરી દેતા હોઈએ છીએ, અને પરિણામે, ઘરનું, પરિવારનું, સમાજનું કે શરીરનું સંતુલન ખોરવાઈ જાય છે. જયારે આપણે પોતે આપણી આ પરિસ્થિતિને સમજવા બેસીએ ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. આપણે સમતામાં રહીને આપણી ફરજોનું પાલન કરીએ તે ખૂબ જ આવશ્યક છે. સમતામાં રહેવું એ સાથે જ એક તપ કરવા સમાન બાબત છે. ઈન્દુ પંડયા સમજણ અને સમતાને સમજાવતું એક સુંદર ઉદાહરણ લખે છે :

પ્રસિદ્ધ દાર્શનિક સોક્રેટિસ ફરતા ફરતા એક શહેરમાં પહોંચ્યા ત્યાં એમને એક વૃદ્ધ વ્યક્તિની મુલાકાત થઈ. બંને એકબીજા સાથે હળીમળી ગયા, નિખાલસ મનથી વાતો કરતા રહ્યા.

સોક્રેટિસે પેલા વૃદ્ધને પૂછ્યું : 'આપનું જીવન ખૂબ આનંદથી વીત્યું છે. પરંતુ હાલમાં આપને કોઈ મુશ્કેલી પડે છે ખરી ?'

પેલા વૃદ્ધ સોક્રેટિસ તરફ જોઈને હસ્યા : 'મારા પરિવારની જવાબદારી પુત્રોને સોંપી દીધી પછી નચિંત છું. તેઓ જે કહે છે એ કરું છું, જે કાવા આપે છે એ ખાઈ લઉં છું, અને પૌત્ર-પૌત્રીઓ સાથે હસું-રમું છું. સંતાનો કઈ ભૂલ કરે ત્યારે મૌન રહું છું. એમના કામકાજમાં જરાય દખલ દેતો નથી, પરંતુ જયારે તેઓ કંઈ સલાહ લેવા આવે ત્યારે મારા જીવનના અનુભવો એની સમક્ષ રજૂ કરું છું અને ભૂલોનાં દુષ્પરિણામો તરફ સાવચેત કરી દઉં છું. તેઓ મારી સલાહ મુજબ વર્તે છે કે અમલ કરે છે કે નહીં એ જોવાનું કામ મારું નહીં. તેઓ મારા માર્ગદર્શન મુજબ ચાલે એવો આગ્રહ નથી. સલાહ આપ્યા બાદ પણ તેઓ ભૂલ કરે તો હું ચિંતા કરતો નથી. તેમ છતાંય તેઓ ફરીથી મારી પાસે આવે તો એમના માટે મારાં દ્વાર હંમેશા ખુલ્લા છે. હું ફરી વાર એને સલાહ આપીને વિદાય કરું છું.'

અને માટે જ આ કામ સ્ત્રીનું કે આ કામ પુરુષનું એમ વિચારવાને બદલે સૌ સાથે મળીને કામ કરે તો પરિવાનું સંતુલન સુંદર રીતે જળવાઈ રહે. સ્ત્રી પણ ઘર-પરિવારના કામોને કરવામાં થાક કે કંટાળો અનુભવવાને બદલે તેને આનંદપૂર્વક કરવા લાગશે. ઘરના સભ્યોમાં એકબીજા પ્રત્યેની લાગણી અને હૂંફમાં પણ વધારો થશે. માટે આજે જ ઘર અને અંગત સંબંધોને ફરીથી ખીલવવા માટે પ્રયત્નશીલ બનીએ. ઘર, પરિવાર, ઘરના તમામ સભ્યો આ બધા જ જો ખુશખુશાલ હશે તો જ એક સુંદર અને ખુશહાલ સમાજનું નિર્માણ થઈ શકશે.

Last Seen :

ચાલ, વરસાદની મોસમ છે, વરસતાં જઈએ;
ઝાંઝવાં હો કે દરિયાવ, તરસતાં જઈએ...
તાલ દેનારને પળ એક મૂંઝવવાની મઝા -
રાગ છેડ્યો છે રૂદનનો, છતાં હસતાં જઈએ.

- હરીન્દ્ર દવે

- nehalgadhavi101@gmail.com

જમ્મૂ-કાશ્મીરનો મામલો થાળે પાડવા માટે વડાપ્રધાનનો આખરી દાવ

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

આખરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જમ્મૂ-કાશ્મીરમાં મામલો થાળે પાડવા માટે હુકમનું છેલ્લું પત્તું ઉતર્યા છે : વર્ષ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી પહેલાં જ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયેલા અને બિન-આરએસએસ છાવણીના તેમજ ઘટઘટનાં પાણી પીને છેવટે ભાજપમાં આવેલા સત્યપાલ મલિકને જમ્મૂ-કાશ્મીરના રાજ્યપાલ નિયુક્ત કર્યા છે. મલિક છેલ્લે બિહાર અને ઓડિશાના રાજ્યપાલ રહ્યા હતા.અગાઉ ઉત્તરપ્રદેશ વિધાનસભા, લોકસભા અને રાજ્યસભાના સભ્ય અને કેન્દ્રમાં પર્યટન અને સંસદીય બાબતોના રાજ્ય પ્રધાન પણ રહ્યા છે. અગાઉના વડાપ્રધાનો ચૌધરી ચરણસિંહ અને વિશ્વનાથ પ્રતાપસિંહના ક્યારેક વફાદાર રહેલા મલિક મુલાયમ સિંહ યાદવની પાર્ટીમાં પણ આંટો દઈ આવ્યા છે. વડાપ્રધાન મોદી માત્ર કાશ્મીરની સ્થિતિને થાળે પાડવા માટે જ નહીં, આગામી લોકસભા ચૂંટણીમાં સામેની છાવણીમાંથી કેટલાંક કબૂતર પાડવા માટે પણ જનતા દળ,લોકદળ,સમાજવાદી પાર્ટી સહિતના પક્ષોમાં સંપર્ક ધરાવનાર આ રાજનેતાનો ઉપયોગ કરશે. અજિત સિંહ અને મુલાયમ સિંહ ઉપરાંત ઉત્તર પ્રદેશના બીજા કેટલા નેતાઓને મોદી સેનામાં જોડવામાં એમની ક્ષમતાનો ઉપયોગ થશે. નવા રાજ્યપાલ પ્રજાને મળતા રહેશે અને એકાદ ઇંચ જેટલો પણ સુધારો થશે તો એમને હરખ થશે, એવું પણ એ કહી બેઠા છે.

ભાજપી સરકાર માટેનો મેન્ડેટ

કેન્દ્રના ગૃહ સચિવ તરીકે વડાપ્રધાન અટલબિહારી વાજપેયી અને ડૉ.મનમોહનસિંહના વિશ્વાસુ રહેલા ૧૯૫૯ની પંજાબ કેડરના આઈએએસ અધિકારી રહેલા નરિન્દર નાથ વહોરા દસ વર્ષ સુધી રાજ્યના રાજ્યપાલ રહ્યા,પણ છેલ્લા બે મહિનાથી એમને કેન્દ્ર સરકાર અને લશ્કરી દળો સાથે લગભગ ટકરાવની સ્થિતિમાં હતા.અમરનાથ યાત્રા સુખરૂપ પાર પાડીને વહોરા નવા રાજ્યપાલ સાથેની ઔપચારિક મુલાકાત કર્યા વિના જ નવી દિલ્હી ભેગા થયા.રાજ્યની પ્રજાને સુરક્ષાબળોના આતંક હેઠળ પોતીકી ના બનાવી શકાય એવું દ્રઢપણે માનતા વહોરા વિવાદિત બંધારણીય જોગવાઈ ૩૫(અ)ને દૂર કરવાની બાબતમાં પણ લોકભાવનાનો આદર કરવાના પક્ષધર હતા.અગાઉ વડાપ્રધાન વાજપેયીને પણ તેમના ગૃહ સચિવ તરીકે એમણે મનાવી લીધા હતા કે રાજ્યની બહુમતી પ્રજા માટેના સંવેદનશીલ એવા આ મુદ્દે ઝાઝી છેડછાડ ના કરવી. ભારતીય જનતા પક્ષ (ભાજપ) અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી) વચ્ચેના ટકરાવને ખાળીને મહેબૂબા મુફ્તીની સરકાર રચવામાં વોહરાનું ઘણું યોગદાન રહ્યું. હવે રાજ્યપાલ શાસન દરમિયાન જ પ્રજાને મળવા આતુર મલિક રાજ્યમાં ભાજપના વડપણ હેઠળની સરકાર રચવાના મેન્ડેટ સાથે આવ્યાનું વધુ લાગે છે.

આતંકી ઓછાયામાં સત્તાકાંક્ષા

દેશ અને દુનિયાની નજરો જમ્મૂ-કાશ્મીર પર મંડાયેલી છે. છેલ્લા બે મહિનામાં રાજ્યમાં ઘણું બધું થઈ ચુક્યું છે.આતંકવાદી ઘટનાઓનો સિલસિલો ચાલુ જ છે. લશ્કરી જવાનો અને અધિકારીઓ શહીદ થવાનું હજુ થંભી શક્યું નથી.કેટલા આતંકીઓને ઠાર કરાયા એના દાવા થાય છે. સદનસીબે કોઈ પણ આતંકી હુમલા કે છમકલા વિના અમરનાથની ૫૮ દિવસની યાત્રા પૂરી થઈ એટલે હાશકારો અનુભવાયો છે. ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવના મિલન સમી પીડીપી અને ભાજપની સરકાર વર્ષ ૨૦૧૫માં રચાઈ, ૧૯ જૂન ૨૦૧૮ના રોજ ભાજપ થકી એને ટેકો પાછો ખેંચી લેવાયો એટલે અજંપાભરી રાજ્યની સ્થિતિને રાજ્યપાલ શાસનમાં થાળે પાડવાની સંપૂર્ણ જવાબદારી ભાજપની કેન્દ્ર સરકારને શિરે આવી. વિધાનસભાની મુદત છ વર્ષની હોવાથી એને મૂર્છિત અવસ્થામાં રાખીને ફરી નવાં કજોડાં સાથે પોતાની સત્તા સ્થાપવાની ભાજપની નેતાગીરીની મહેચ્છા હજુ અધૂરી જ છે. છેલ્લાં દશ વર્ષથી રાજ્યપાલ રહેલા એન.એન. વહોરા કેન્દ્રના ગૃહ સચિવ હતા અને તેમને કૉંગ્રેસના વડપણવાળી ડૉ.મનમોહન સિંહ સરકારે નિયુક્ત કર્યા હતા. હવેના નવા રાજ્યપાલ સત્યપાલ મલિક રાજનેતા છે. અગાઉ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીના પુત્ર અને ઈમર્જન્સીના ખલનાયક સંજય ગાંધીના કહ્યાગરા જગમોહન રાજ્યના કડક રાજ્યપાલ રહ્યા પછી કેન્દ્રની ભાજપના વડપણવાળી અટલ બિહારી વાજપેયી સરકારમાં મંત્રી બન્યા હતા.મલિક બીજા જગમોહન બને એવી ગણતરી મંડાઈ રહી છે. જોકે કાશ્મીરી નેતાઓ જગમોહનને રાજ્યમાં આતંકવાદ વકરાવવા માટે જવાબદાર લેખાવે છે.

- **નવા રાજ્યપાલ સત્યપાલ મલિક એક ઇંચ જેટલા સુધારાથી પણ સંતોષ માનવાની તૈયારી સાથે કામે વળ્યા**
- **બંધારણની જોગવાઈ ૩૫(અ) લોકોની સંવેદના સાથે જોડાયેલી હોવાથી વહોરા છેડછાડ નહીં કરવાના પક્ષધર**
- **છ વર્ષની મુદતવાળી રાજ્યની વિધાનસભાને મૂર્છિત અવસ્થામાં રાખી નવાં કજોડાંથી ભાજપની સત્તામહેચ્છા**
- **મોદીએ વર્ષ ૨૦૧૫માં જાહેર કરેલા રૂપિયા ૮૦,૦૦૦ કરોડના પેકેજમાંથી માંડ ત્રીજા ભાગની રકમ વપરાઈ**

કુલ ૨.૮૫ લાખ યાત્રાળુ નોંધાયા

અમરનાથયાત્રા યોજવાની અને એને લગતી સુવિધા પૂરી પાડવાની સંપૂર્ણ જવાબદારી શ્રી અમરનાથ જી શ્રાઈન બોર્ડને સોંપાતી હોય છે. એના અધ્યક્ષપદે રાજ્યપાલ હોય છે. ૨૮ જૂને વર્ષ ૨૦૧૮ની અમરનાથ યાત્રા રાજ્યપાલ એન.એન.વહોરા થકી આરંભાઈ હતી અને ૨૬ ઓગસ્ટે નવા રાજ્યપાલ સત્યપાલ મલિકના આગમન સાથે સંપન્ન થઈ. સદનસીબે યાત્રાની સુરક્ષા માટે ફરજ પર મુકાયેલાં ૪૦,૦૦૦ જેટલાં સુરક્ષા દળોના પ્રતાપે કોઈ અણછાજતા બનાવ વિના ૨.૮૫ લાખ શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફામાં બરફના શિવલિંગનાં ૫૮ દિવસની યાત્રા દરમિયાન દર્શન કર્યાં. ગયા વર્ષે એટલે કે ૨૦૧૭માં ૨.૬૦ લાખ યાત્રાળુએ દર્શન કર્યાં હતાં,પણ વર્ષ ૨૦૧૫માં આ આંક ૩,૫૨,૭૭૧ હતો, એવું શ્રી અમરનાથ જી શ્રાઈન બોર્ડ સત્તાવાર રીતે જણાવે છે. વર્ષ ૨૦૧૬માં ૨.૨૦ લાખ શ્રદ્ધાળુએ દર્શન કર્યાં હતાં.

૩૭૦ અને ૩૫(અ)ના ખટલા

રાજ્યને વિશેષ દરજ્જો આપતા બંધારણના અનુચ્છેદ ૩૭૦ અને ૩૫(અ)ને દૂર કરવા અંગે સર્વોચ્ચ અદાલતમાં ચાલતા ખટલાઓના વિરોધમાં જમ્મૂ-કાશ્મીરમાં ધગધગતા અંગારા જેવી સ્થિતિ છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર બંને હવે ભાજપના હાથમાં છે અને બંને સરકારોએ આ વિવાદી મામલાઓને ડિસેમ્બર સુધી ટાળવાની ભૂમિકા લીધી છે.જોકે શુક્રવાર, ૩૦ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ ૩૫(અ) અંગે સુનાવણી થાય એવી શક્યતા છે.ભાજપ અને એના પૂર્વ અવતાર જનસંઘ તેમજ માતૃસંસ્થા આરએસએસ થકી બંધારણના અનુચ્છેદ ૩૭૦ને રદ કરવા તેમજ ૩૫(અ)ને પણ દૂર કરવાની ભૂમિકા રાખવામાં આવી હોવા છતાં આજ દિવસ સ